**તમારા પીવાનાં પાણી વિશે અગત્યની માહિતી**

**મિડલસેક્સ વૉટર કંપની (Middlesex Water Company)ના પાણીમાં પર્ફ્લૉરોઓક્ટેનૉઇક ઍસિડ (PFOA)ના સ્તરો ધરાવે છે પીવાના પાણીના ધોરણો વિશે**

અમારી વૉટર સિસ્ટમે તાજેતરમાં ન્યૂ જર્સીનાં પીવાના પાણીના ધોરણનું ઉલ્લંઘન કર્યું છે અને અમારા ગ્રાહકો તરીકે તમે એ જાણવાનો અધિકાર ધરાવો છો કે શું બન્યું હતું, તમારે શું કરવું જોઈએ અને આ પરિસ્થિતિને સુધારવા માટે અમે શું કરી રહ્યા છીએ. પરફ્લોરોઓક્ટેનૉઇક ઍસિડ (PFOA) માટે પીવાના પાણીનું ધોરણ જરૂર કરતાં વધારે હતું.

જાહેરઅધિસૂચના સામગ્રીની ભાષાંતરિત નકલ મેળવવા અથવા સહાયતા માટે વિનંતી કરવા માટે 800-549-3802 નંબર પર અથવા info@middlesexwater.com પર અમારો સંપર્ક કરો.

---

ફેડરલ અને રાજ્ય નિયંત્રિત પીવાના પાણીના દૂષકોની ઉપસ્થિતિ માટે અમે નિયમિતપણે દેખરેખ રાખીએ છીએ. ન્યુ જર્સીએ 2020 માં PFOA માટે પ્રમાણભૂત, અથવા મહત્તમ દૂષિત સ્તર (MCL) અપનાવ્યું અને 2021 માં જરૂરી દેખરેખ શરૂ થઈ. PFOA માટે MCL 14 ભાગો પ્રતિ ટ્રિલિયન (ppt) છે અને તે ચાલી રહેલ વાર્ષિક સરેરાશ (RAA) પર આધારિત છે, જેમાં મોનિટરિંગ ડેટાના ચાર સૌથી તાજેતરના ત્રિમાસિકની સરેરાશ કાઢવામાં આવી છે. ડિસેમ્બર 10, 2021 ના રોજ, ધાર્યા પ્રમાણે, અમને સૂચના મળી કે નવેમ્બર 3, 2021 ના રોજ એકત્ર કરવામાં આવેલ નમૂનાએ દર્શાવ્યું હતું કે અમારી સિસ્ટમ PFOA MCL થી વધી ગઈ છે. PFOA 27.7 ppt પર જોવા મળ્યું હતું, જેના કારણે ચાલી રહેલ વાર્ષિક સરેરાશ (RAA) MCL કરતાં વધી ગઈ હતી. **એ હકીકત હોવા છતાં કે ભૂજળક્ષેત્ર નવેમ્બર 9મી ના રોજ બંધ કરવામાં આવ્યું હતું અને એ કે ગ્રાહકો હવે આ કુવાઓમાંથી પાણી મેળવી રહ્યાં નથી, જ્યાં સુધી કાયમી સારવાર સ્થાપિત ન થાય અને સાઉથ પ્લેનફિલ્ડ સુવિધા ખાતે MCLનું પાલન ન થાય ત્યાં સુધી કંપનીએ હજુ પણ આ જાહેર સૂચના જારી કરવાની જરૂર છે.**

## PFOA શું છે?

પરફ્લોરોઓક્ટેનોઇક ઍસિડ (PFOA) એ પર- અને પોલીફ્લોરોઆલ્કાઈલ સબસ્ટન્સ (PFAS) નામના રસાયણોના જૂથના સભ્ય છે, જેનો ઉપયોગ કઠોર રસાયણો અને ઉચ્ચ તાપમાન સામે પ્રતિકારના આધારે, નૉન-સ્ટિક કૂકવેર અને અન્ય ઉત્પાદનોમાં તેમજ અન્ય વ્યાપારી અને ઔદ્યોગિક ઉપયોગોમાં વપરાશમાં લેવાતા ફ્લોરોપોલિમર્સના ઉત્પાદનમાં પ્રોસેસિંગ સહાય તરીકે થાય છે. PFOA નો ઉપયોગ અગ્નિશામક અને તાલીમ માટે જલીય ફીણ છોડતાં પાતળાં સ્તરનો પણ થાય છે, અને તે ઉપભોક્તા ઉત્પાદનોમાં જોવા મળે છે જેમ કે અપહોલ્સ્ટરી અને કાર્પેટ માટે ડાઘ-પ્રતિરોધક આવરણો, પાણી-પ્રતિરોધક આઉટડોર કપડાં અને ગ્રીસપ્રૂફ ફૂડ પેકેજિંગ. પીવાના પાણીમાં PFOA ના મુખ્ય સ્ત્રોતોમાં ઔદ્યોગિક સુવિધાઓમાંથી નીકળતા આશ્રવનો જ્યાં તે બનાવવામાં આવ્યું હતું અથવા ઉપયોગમાં લેવાયું હતું અને જલીય ફીણ છોડતાં પાતળાં સ્તરનો સમાવેશ થાય છે. PFOA નો ઉપયોગ નોંધપાત્ર રીતે ઘટ્યો હોવા છતાં, દૂષણ અનિશ્ચિત સમય માટે ચાલુ રહેવાની અપેક્ષા છે કારણ કે તે પર્યાવરણમાં અત્યંત સ્થાયી છે અને પાણીમાં દ્રાવ્ય અને ગતિશીલ છે.

### આનો અર્થ શું છે?

**જે લોકો સમય જતાં MCL કરતાં વધુ PFOA ધરાવતું પાણી પીવે છે તેઓ તેમના લોહીના સીરમ કોલેસ્ટેરોલના સ્તરો, યકૃત, મૂત્રપિંડ, રોગપ્રતિકારક તંત્ર અથવા પુરુષોમાં, પ્રજનન પ્રણાલીમાં સમસ્યા અનુભવી શકે છે. સમય જતાં MCL કરતાં વધુ PFOA ધરાવતું પાણી પીવાથી ટેસ્ટિક્યુલર અને મૂત્રપિંડનાં કેન્સરનું જોખમ પણ વધી શકે છે. સ્ત્રીઓ માટે, સમય જતાં MCL કરતાં વધુ PFOA ધરાવતું પાણી પીવાથી ગર્ભ અને/અથવા શિશુમાં વિકાસમાં વિલંબ થઈ શકે છે. આમાંની કેટલીક વિકાસલક્ષી અસરો બાળપણ સુધી ચાલુ રહી શકે છે.*

** ચોક્કસ આરોગ્ય માહિતી માટે, જુઓ*
https://www.nj.gov/health/ceohs/documents/pfas_drinking%20water.pdf.

### મારે શું કરવું જોઈએ?

- જો તમને ચોક્કસ સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા હોય, રોગપ્રતિકારક શક્તિ ગંભીર રીતે નબળી હોય, એક શિશુ હોય, ગર્ભવતી હોવ અથવા વૃદ્ધ હોવ, તો તમને અન્ય વ્યક્તિઓ કરતાં વધુ જોખમ હોય તેમ બની શકે છે અને આ પાણી પીવા વિશે તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાઓની સલાહ લેવી જોઈએ.
- ન્યુ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ (New Jersey Department of Health) સલાહ આપે છે કે જ્યારે પીવાના પાણીમાં PFOA વધી જાય ત્યારે શિશુઓ માટે શિશુ પીણાં અને અન્ય પીણાં, જેમ કે જ્યુસ, બોટલના પાણીથી તૈયાર કરવા જોઈએ.
- સગર્ભા, સ્તનપાન કરાવતી અને ગર્ભવતી થવાનું આયોજન કરતી સ્ત્રીઓ PFOA ના સંપર્કમાં ઘટાડો કરવા માટે પીવા અને રસોઈ માટે બોટલના પાણીનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકે છે.
- અન્ય લોકો PFOA ના સંપર્કમાં ઘટાડો કરવા માટે પીવા અને રસોઈ માટે બોટલના પાણીનો અથવા હોમ વોટર ફિલ્ટર કે જે PFOA ના સ્તરને ઘટાડવા માટે પ્રમાણિત છે તેનો ઉપયોગ કરવાનું પણ પસંદ કરી શકે છે. હોમ વોટર ટ્રીટમેન્ટ ઉપકરણો ઉપલબ્ધ છે જે PFOA ના સ્તરને ઘટાડી શકે છે. PFOA

ઘટાડવા માટે હોમ વોટર ફિલ્ટરની અસરકારકતા સંબંધિત વધુ ચોક્કસ માહિતી માટે, નેશનલ સેનિટેશન ફાઉન્ડેશન (National Sanitation Foundation - NSF) ઈન્ટરનેશનલ વેબસાઈટની મુલાકાત લો, http://www.nsf.org/.
- તમારા પાણીને ઉકાળવાથી PFOA દૂર થશે નહીં.

વધુ માહિતી માટે, જુઓ https://www.nj.gov/dep/watersupply/pfas/

**શું કરવામાં આવી રહ્યું છે?**

મિડલસેક્સ વૉટરે નવેમ્બર 9, 2021થી અમલી બને તે રીતે એ ભૂજળક્ષેત્રને બંધ કર્યાં છે જેની તપાસ કરતાં તે નવા PFOA ધોરણ માટે રાજ્યની મર્યાદાઓથી વધુ જોવા મળ્યાં છે. અમે વૈકલ્પિક સ્ત્રોતોમાંથી પાણી મેળવીએ છીએ જે તમામ રાજ્ય અને ફેડરલ પીવાના પાણીના ધોરણોનું પાલન કરે છે. અમારા આંતરમાળખામાં તાજેતરમાં પૂર્ણ થયેલા અપગ્રેડને લીધે ગ્રાહકોની માંગ પૂરી કરતી વખતે અમને અસરગ્રસ્ત કૂવાઓને બાયપાસ કરવાની મંજૂરી મળી. કટોકટીની પરિસ્થિતિઓની ગેરહાજરીમાં, કંપની જ્યાં સુધી સારવારમાં સુધારાઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી ભૂજળક્ષેત્રને સંપૂર્ણપણે સેવાથી દૂર રાખવા માગે છે સાઉથ પ્લેનફિલ્ડ સુવિધા, મધ્ય-2023માં અપેક્ષિત છે. દર ત્રણ મહિને અમારી વેબસાઈટ *www.middlesexwater.com* પર અપડેટ્સ આપવામાં આવતા રહેશે. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારા ગ્રાહક સેવા વિભાગનો 800-549-3802 પર સંપર્ક કરો.

**કૃપા કરીને આ માહિતી અન્ય તમામ લોકો સાથે શેર કરો જેઓ આ પાણી પીએ છે, ખાસ કરીને જેમને આ નોટિસ સીધી મળી ન હોય (ઉદાહરણ તરીકે, એપાર્ટમેન્ટ, નર્સિંગ હોમ, સ્કૂલ્સ અને વ્યવસાયોમાંના લોકો). તમે આ સૂચનાને જાહેર સ્થળે પોસ્ટ કરીને અથવા રૂબરૂ અથવા મેઈલ દ્વારા નકલો વિતરિત કરીને આમ કરી શકો છો.**

આ નોટિસ તમને મિડલસેક્સ વૉટર કંપની દ્વારા મોકલવામાં આવી રહી છે. સ્ટેટ વૉટર સિસ્ટમ ID#1225001

વિતરણ તારીખ: 1/22/2022